eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 359
June 20, 2014

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબતઃ–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૧૩/૦૬/૨૦૧૪ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## માન દરવાજા ફાયર સ્ટેશન પર વિજીલન્સ ઓફિસર તરફથી સ્થળ તપાસ બાબત :–

આજ તા.૧૩–૬–૨૦૧૪ના રોજ સવારે વિજીલન્સ ઓફિસરશ્રીને સદસ્યશ્રી તરફથી ટેલિફોનીક મેસેજ મળતાં, માન દરવાજા ફાયર સ્ટેશન પર વિજીલન્સ ઓફિસર તરફથી સ્થળ તપાસ કરવામાં આવેલ. ઉકત તપાસ દરમ્યાન માન દરવાજા ફાયર સ્ટેશન ખાતેના સ્ટાફ કવાટર્સની તપાસ કરતાં, રૂમ નં.૧૦૪ અને ૨૦૫ (કોમન રૂમ) અને રૂમ નં.૨૦૮ની ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૬/૨૦૧૪નાં રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ તથા આશરે ૩૦ બેલદારો સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વેસ્ટ ઝોનની વી.બી.ડી.સી. વિભાગની કામગીરી બાબતઃ–

સુરત મહાનગર પાલિકા પશ્ચિમ ઝોન (રાંદેર) હસ્તકના વી. બી. ડી. સી. વિભાગ દ્વારા મે. કમિશનર શ્રી ના આદેશાનુસાર ગત અઠવાડિએ નીચે જણાવેલ વિગતે પ્રિ–મોન્સુન કામગીરી કરવામાં આવેલ છે. જેથી જાહેર જનતાની આરોગ્યલક્ષી સુખાકારી જળવાય રહે...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ (જુન–૨૦૧૪)માં કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી (હે.અને હો.) અને લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેર સાહેબશ્રીની સુચના મુજબ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની કુલ–૧૦ ટીમો બનાવી સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં આજરોજ તા.૧૮/૦૬/૧૪ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ નાના વરાછા તથા કાપોદ્રા વિસ્તારમાં ડીમોલીશન / દબાણની કામગીરી બાબત :–

ટી.પી.સ્કીમ નં.૧૬ (કાપોદ્રા)ના ફા.પ્લોટ નં. ૧૦ પૈકીમાં સબ પ્લોટ નં.૭૪ થી ૭૯ (પાર્થ કોમ્પલેક્ષ)માં હયાત બાંધકામની ઉપર ત્રીજા માળનું આશરે ૩૬૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું સ્ટીલ ફેબ્રીકેશનનું બાંધકામ તોડીને દુર કરવામા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઈ.ડબલ્યુ. એસ. કવાર્ટસના માસિક હપ્તાની રકમ ન ભરનારના આવાસ સીલ કરવાની કામગીરી દરમ્યાન પૂર્વ(વરાછા)ઝોનએ એક જ દિવસમાં કુલ રૂા.૩,૦૦,૦૦૦/– ની વસુલાત કરી.

પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૫ (ફુલપાડા)માં, ફા.પ્લોટ નં. ૧૧૮ માં આવેલ આનંદનગર સોસાયટી પાસે, ધરમનગર રોડ ઉપર આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસનાં લાભાર્થીઓ દ્વારા નિયમીત રીતે માસીક હપ્તા ન ભરવામાં આવતા, આજ રોજ પૂર્વ(વરાછા)ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીની આગેવાનીમાં સ્ટાફ દ્વારા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબતઃ–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૧૩/૦૬/૨૦૧૪ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પ્રિલીમીનરી ટી.પી.સ્કીમ નં.૨૮ (અલથાણ–ભટાર) માં રસુલાબાદ પાસે આવેલ સુરત મહાનગરપાલિકાના ફા.પ્લોટ નં.૧૫૬ (હાઉસીંગ ફોર એસ.ઈ.ડબલ્યુ.એસ.) વાળા રીઝર્વેશન પ્લોટની અસરમાં તેમજ તેને લાગુ ૧૮.૦૦ મી. ના રસ્તાની અસરમાં આવતાં આંબેડકરનગરનાં અંદાજે ૧૦૫ કાચા પાકા રહેણાંક મકાનો આજરોજ તા.૧૩.૦૬.૧૪ ના રોજ અઠવાઝોનનાં દબાણ સ્ટાફ તેમજ શહેરી વિકાસ સ્ટાફ મારફતે દુર કરવામાં આવેલ છે.

સદરહુ અસરગ્રસ્તો પૈકી સુરત મહાનગરપાલિકાના નીતિનિયમોનુસાર પાત્રતા ધરાવતા અસરગ્રસ્તોને અત્રેથી ટી.પી.સ્કીમ નં.૩૬ (અલથાણ) ફા.પ્લોટ નં.૧૦૭ માં આવાસો ફાળવવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરીથી આશરે ૩૦૦૦૦.૦૦ ચો.ફુટ હાઉસીંગ ફોર એસ.ઈ.ડબલ્યુ.એસ. ના રીઝર્વેશનવાળી જગ્યા તેમજ ૭૦૦૦.૦૦ ચો.ફુટ રસ્તા પૈકીની જગ્યા લોકોપયોગ માટે સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ છે. જેથી મુખ્યમંત્રી આવાસ યોજનાની કામગીરીને વેગ મળશે.

ઉપરોકત કામગીરી ખટોદરા પોલીસ સ્ટેશન તથા સીકયુરીટી સ્ટાફનાં સહકારથી શાંતિપુર્ણ રીતે કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

TOP

## માન દરવાજા ફાયર સ્ટેશન પર વિજીલન્સ ઓફિસર તરફથી સ્થળ તપાસ બાબત :–

આજ તા.૧૩–૬–૨૦૧૪ના રોજ સવારે વિજીલન્સ ઓફિસરશ્રીને સદસ્યશ્રી તરફથી ટેલિફોનીક મેસેજ મળતાં, માન દરવાજા ફાયર સ્ટેશન પર વિજીલન્સ ઓફિસર તરફથી સ્થળ તપાસ કરવામાં આવેલ. ઉકત તપાસ દરમ્યાન માન દરવાજા ફાયર સ્ટેશન ખાતેના સ્ટાફ કવાટર્સની તપાસ કરતાં, રૂમ નં.૧૦૪ અને ૨૦૫ (કોમન રૂમ) અને રૂમ નં.૨૦૮ની રૂમોમાંથી ફાયર સેફટીને લગતો સામાન મળેલ છે. આ સામાન મહાનગરપાલિકાનો ન હોય સંબંધિત અધિકારીને પૂછતાં આ સામાન ફાયર સ્ટેશનનાં ડ્રાઈવર શ્રી સેવંતીલાલ પટેલ અને તેમના ભાઈ ઈ.ચા.જમાદાર શ્રી મણીભાઈ જી. પટેલનો હોવાનું જાણવા મળેલ અને આ સાધનોનો ધંધાકીય પ્રવૃત્તિ માટે વપરાશ થતો હોય એવું જાણવા મળતા તાત્કાલીક અસરથી મે.કમિશ્નરશ્રીએ આ ફાયર સ્ટેશનનાં ઈ.ચા.ડે.ફાયર ઓફિસર શ્રી એમ.પી.મોઢને પણ કારણદર્શક નોટીસ અને સબ ઓફિસર શ્રી ઓમ પ્રકાશ મિશ્રાને ચાર્જશીટ આપવાનો તથા (૧) ડ્રાઈવર શ્રી સેવંતીલાલ પટેલ અને (૨) ઈ.ચા.જમાદાર શ્રી મણીભાઈ જી.પટેલને ફરજ મોકુફી હેઠળ મૂકવાનો હુકમ કરેલ છે. વધુમાં, આ પ્રકરણમાં અન્ય અધિકારી / કર્મચારીઓની સંડવણી બાબતે વધુ તપાસ ચાલુ છે અને કસૂરવાર હશે તેમની સામે કડક પગલાં લેવામાં આવશે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :-

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૬/૨૦૧૪નાં રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ તથા આશરે ૩૦ બેલદારો સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૨૭ ઉત્રાણની પૂર્વ સીમાના સમતાનગર ઝુંપડપટ્ટીના કુલ ૧૧૬ ઝુંપડા ૩૬.૦૦ મીટર પહોળાઈના રસ્તાની અસરમાં આવેલ ઝુંપડાવાસીઓને વૈકલ્પીક આવાસ આપીને સ્થળાંતરીત કરાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર સ્થળાંતરને કારણ અંદાજે કુલ ૨૫૦૦૦ ચો.ફુટ રસ્તા પૈકીની જગ્યા ખુલ્લી થયેલ છે.

TOP

## વેસ્ટ ઝોનની વી.બી.ડી.સી. વિભાગની કામગીરી બાબતઃ–

સુરત મહાનગર પાલિકા પશ્ચિમ ઝોન (રાંદેર) હસ્તકના વી. બી. ડી. સી. વિભાગ દ્વારા મે. કમિશનર શ્રી ના આદેશાનુસાર ગત અઠવાડિએ નીચે જણાવેલ વિગતે પ્રિ– મોન્સુન કામગીરી કરવામાં આવેલ છે. જેથી જાહેર જનતાની આરોગ્યલક્ષી સુખાકારી જળવાય રહે.

(૧) પશ્ચિમ ઝોન કાર્યક્ષેત્રમાં આવેલ ૩૯ – ખાનગી શાળા., ૧૯ – નગર પ્રાથમિક શાળા.,૦૭ – કોલેજો તેમજ મોન્ટેસરી, અને નર્સરી શાળાઓ મળી કુલ :– ૯૫ સંસ્થાઓમાં શૈક્ષણિકસત્ર શરૂ થતાં જ ધુમ્રશેરની કામગીરી કરાવડાવેલ છે. તેમજ મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા ટાંકીઓની ચકાસણી કરેલ છે.

(૨) કુલ – ૧૨૪ કોર્મશિયલબિલ્ડીંગો તથા શોપિંગ કોમ્પલક્ષ માં મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા ટાંકીઓની ચકાસણી કરવા ઉપરાંત ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો ભરાવો થાય તેવાં પડતર ભંગાર – સાધન સામગ્રી નો નિકાલ કરવા – ૨૯ મિલ્કતો ને નોટિશ આપવાની કામગીરી કરેલ છે. સમય મર્યાદામાં ક્ષતિ દૂર ન કરે તેઓ સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવનાર છે.

(૩) કાયમી બંધ ઘરોમાં વરસાદી પાણીના ભરાવાને કારણે મચ્છરની ઉત્પતિ ન થાય તેના આગોતરા પગલાં લેવાના ભાગરૂપે જે – તે મિલ્કતદારોને નોટિશ આપવા ઉપરાંત ૧૫૮ – નોટિશ સ્થળ પ્રસિધ્ધ કરેલ છે. બાકીની મિલ્કતોમાં આ કાર્યવાહી હાલમાં પણ ચાલે છે.

(૪) ખાનગી ખુલ્લાં પ્લોટધારકો દ્વારા જાહેર આરોગ્યલક્ષી કામગીરીના ભગીરથ અભિયનમાં સુંદર સહકાર આપી કુલ – ૩૭ પ્લોટધારકો દ્વારા સમય મર્યાદામાં પોતાના પ્લોટમાં વરસાદી પાણી ન ભરાય તે મુજબ માટી–પુરાણ કરાવવાની કામગીરી કરેલ છે.

આથી સુરત શહેરના તમામ નાગરીકોને જણાવવાનું કે આગામી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાથી શહેરને અકુંશમાં રાખવા આટલું જરૂરથી કરીએ.

(૧) ઘર / મિલ્કત માં આવેલ ટાંકીઓ., ડ્રમ., કેરબા., પીપ જેવાં સાધનો હવાચૂસ્ત ઢાંકણ વડે ઢાંકીએ.

(૨) અગાસી., વરંડાઓ જેવાં સ્થળોએ પડી રહેલ નકામો ભંગાર સામાનનો ચોમાસા પહેલાં નિકાલ કરીએ. જેથી કરીને વરસાદી પાણી ભરાય ને મચ્છર ઉત્પન્ન થાય નહિં.

(૩) ફૂલ – છોડ ના કુંડાઓની ટ્રેની અંદરની સપાટી દર ત્રીજા દિવસે ઘસીને સાફ કરીએ.

(૪) ઘર / મિલ્કતના ધાબાં ઉપર વરસાદી પાણીનો સરળતાથી નિકાલ થાય તે મુજબ લેવલીંગ કરીએ.

(૫) વરસાદના આગમન પૂર્વે આપણાં પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તેવી કાર્યવાહી હાથ ધરીએ.

(૬) તમારા ઘરે આવતાં આરોગ્ય વિભાગના કર્મચારી ને સંપૂર્ણ સાથ – સહકાર આપી તેઓની તેઓની સુચન મુજબ વર્તીએ.

આથી જાહેર જનતાને જાહેર આરોગ્યલક્ષી કામગીરીના મહાભગીરથ અભિયનામાં સંર્પૂણ સહકાર આપવા નમ્ર અપીલ કરવામાં આવે છે. વધુ માર્ગ દર્શન માટે પશ્ચિમ ઝોન વી. બી. ડી. સી. વિભાગનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.

TOP

## કતારગામ ઝોનની ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૧૯(કતારગામ) | | |
| ૨ | વિસ્તાર | હાથીવાલા મંદિર પાસે, અક્ષરધામ સોસાયટીની બાજુમાં | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૬૫,ધર્મનંદન સોસાયટી | | |
| | સબ પ્લોટ નંબર | ૨૪ | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | – | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | રહેઠાણ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | આશરે ૨૦' ×૪૦' માપ વિસ્તારમાં પ્લીન્થ લેવલ લઈ લીન્ટલ લેવલ સુધીનું ચણતર કરી આર.સી.સી. લેન્ડીંગ સાથેનું સ્ટેરકેસ તથા કોલમો સહિતનું ગેરકાયદેસર બાંધકામ |
| | | પ્રથમ માળ | | |
| | | બીજો માળ | | |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | |
| ૬ | માલિકનું નામ | – | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | – | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | – | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર–૫ | | |
| | બેલદારની સંખ્યા | ૧૩ ખાનગી માણસો | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | – | | |
| ૧૩ | અન્ય વિગત | – | | |

TOP

## કતારગામ ઝોનની ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૧૮(કતારગામ) | | |
| ૨ | વિસ્તાર | ધનમોરા ચાર રસ્તા પાસે, કતારગામ, સુરત. | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૧૦૦ માં આવેલ રંગદર્શન સોસાયટી | | |
| | સબ પ્લોટ નંબર | બી/૩, બી/૪ | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | — | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | એપાર્ટમેન્ટ ટાઈપ બાંધકામ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | |
| | | પ્રથમ માળ | | |
| | | બીજો માળ | | |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | ૨૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચોથા માળનો આર.સી.સી.સ્લેબ, બીમ, કોલમ સહિતનું બાંકામ તથા ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. ચણતરની દિવાલો. |
| ૬ | માલિકનું નામ | સામદભાઈ રબારી | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | — | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | — | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર–૫ | | |
| | બેલદારની સંખ્યા | ૪૫ ખાનગી માણસો | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | — | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | — | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | — | | |
| ૧૩ | અન્ય વિગત | — | | |

TOP

## કતારગામ ઝોનની ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૨૫ (સીંગણપોર–ટુંકી) | | |
| ૨ | વિસ્તાર | ચંદનગેસની સામે, કોઝવે રોડ, સીંગણપોર,સુરત. | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૫૪ માં આવેલ સત્યમ સોસાયટી | | |
| | સબ પ્લોટ નંબર | ૯૬,૧૦૩ | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | સદર સોસાયટી સુડાના ડી.પી.માં પી–૫૦–સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના રીઝર્વેશન હેઠળની જગ્યા | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | કોર્મશીયલ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | બંને પ્લોટ મળીને આશરે ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં બનાવેલ ફેબ્રીકેશન તથા ફલશ ડોરના પેન્ટીંગ કામ માટે પતરાના શેડ નંગ–૨નું બાંધકામ દુર થયેલ છે. |
| | | પ્રથમ માળ | | |
| | | બીજો માળ | | |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | |
| ૬ | માલિકનું નામ | ભવાનભાઈ લવજીભાઈ રાવળ તથા ચતુરભાઈ | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | – | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | – | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર–૫ | | |
| | બેલદારની સંખ્યા | ૧૩ ખાનગી માણસો | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | – | | |
| ૧૩ | અન્ય વિગત | – | | |

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ (જુન–૨૦૧૪)માં કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉંચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) શહેરના ૩૧૩૭ જેટલાં ખુલ્લા પ્લોટમાંથી ૨૦૪ પ્લોટમાં નીક પાડવામાં આવેલ છે.તથા ૬૩૩ પ્લોટધારકોને નોટિસ આપવામાં આવી તેમ જ ૯૨ પ્લોટમાં માટીપુરાણ કરવામાં આવ્યું.

(૨) લિંબાયત, વરાછા ઝોનમાં શાળાઓ તથા સોસાયટીઓમાં મચ્છરજન્ય રોગો વિષે ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યા.

(૩) શહેરની વધારે અવરજવર ધરાવતી ૨૬ જગ્યાઓ પર જનજાગૃતિ અંગે બેનરો લગાવવામાં આવ્યા.

(૪) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૫૭૪૧૦ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા તથા ૭૪૬૯૯૨ ઘરોમાંથી કુલ ૩૦૯૦ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૪) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૫૮૧૪ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૫) શહેરનાં ૩૬૨૬ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં કુલ ૧૬૮૮ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૬) ૧૭૮૫ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૮૦ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૧૯૩૯ નોટિસો આપવામાં આવી અને ૨૫૭૫૫૦/— વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હે.અને હો.) અને લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેર સાહેબશ્રીની સુચના મુજબ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની કુલ–૧૦ ટીમો બનાવી સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં આજરોજ તા.૧૮/૦૬/૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ ઉમરવાડા–ર ની વિભાગીય કચેરીનાં કાર્યક્ષેત્રમાં આવેલ વિસ્તારમ પૈકી ચીમની ટેકરા,હળપતિ કોલોની, બેઠી કોલોની, ડી ટેનામેન્ટ બ્લોક ૧ થી ૯ , ભધક આવાસ આવાસના ટેનામેન્ટ બ્લોક નં. એ –૧,૨ થી ઓ –૧,૨, ઝુડીયા કુવા રોડ ટ્રાન્સપોર્ટ ગોડાઉન, સલીમનગર, જવાહરનગર, નેહરૂનગર વિસ્તારમાં કુલ–૧૨૩ સફાઈ કામદારો રોકી ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવી હતી.

આ અભિયાન દરમ્યાન ઉપરોકત વિસ્તારોમાં ખાધ–અખાધ ચીજવસ્તુઓ વેચતી સંસ્થા/લારી–ગલ્લાવાળા તેમજ ચા–કોફીના સ્ટોલવાળા વિગેરે ધંધો કરતાં કુલ આશરે–૧૨૭ સંસ્થાઓ ચેક કરવામાં આવી હતી. જેમાં ધંધાકીય કચરો, કાગળ,પ્લાસ્ટીક, ગંદુપાણી,પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝભલા/થેલીઓ રાખવા બદલ તેમજ આરોગ્યલક્ષી મુદ્દાઓ તથા ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એકટનો અમલ ન કરવા માટે તેમજ ચા–કોફી સ્ટોલવાળાઓ પ્લાસ્ટીકનાં કપ, થેલીઓ ઉપયોગ કરતાં માલુમ પડતાં દરેકને ચેતવણી /નોટીસ આપી તેઓ પાસે સાફ–સફાઈ કરાવવામાં આવી તેમજ કચરો નાંખવા માટે ઢ ાંકણવાળા ડસ્ટબીન રાખવા માટે સુચના આપી ફુડ સેફટી એકટનાં નિયમોનું પાલન કરવા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક થેલીઓ/ ઝંભલાઓનો ઉપયોગ ન કરવા માટે સમજ આપવામાં આવી હતી.

આ કામગીરી દરમ્યાન કુલ–૧૦ (દશ) ટીમોએ અંદાજીત ઉપરોકત વિસ્તારમાં આવેલ આશરે –૧૨૭ સંસ્થાઓ પૈકી કુલ–૮૩ સંસ્થામાં આરોગ્યલક્ષી ક્ષતિઓ માલુમ પડેલ હોવાથી તેઓની પાસે રૂા.૧૫,૨૦૦/–નો વહીવટીચાર્જ વસુલાત કરી તથા કુલ–૧૧ કિલોગ્રામ અખાધ પ્રદાર્થ નાશ તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક–૦૯ કિલોગ્રામ જપ્ત કરવાની કાર્યવાહીબાદ ઉપરોકત વિસ્તારની ધનિષ્ઠ સફાઈ કામગીરી કર્યા બાદ મેલોથીયન –૫૦૦ કિ.ગ્રા., ચુનાની ફાંક–૨૦૦ કિ.ગ્રા., ડી.ડી.વી.પી.–ર લિટર, એ.બી.એસ.–ર લિટર, બેગોન બેટસ–૫ કિ.ગ્રા. જંતુનાશક દવા/ પાઉડરનો છંટકાવ કરાવી કચરો, કચરા મિશ્રિત માટીના ઢગલાં ટ્રેકટર દ્વારા કુલ – ૧૫ ફેરા અને કુલ વજન– ૨૬.૨૬૦ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરાવવામાં આવ્યો હતો.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ નાના વરાછા તથા કાપોદ્રા વિસ્તારમાં ડીમોલીશન / દબાણની કામગીરી બાબત :–

(૧) ટી.પી.સ્કીમ નં.૧૬ (કાપોદ્રા)ના ફા.પ્લોટ નં. ૧૦ પૈકીમાં સબ પ્લોટ નં.૭૪ થી ૭૯ (પાર્થ કોમ્પલેક્ષ)માં હયાત બાંધકામની ઉપર ત્રીજા માળનું આશરે ૩૬૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું સ્ટીલ ફેબ્રીકેશનનું બાંધકામ તોડીને દુર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૩૮ (નાના વરાછા)ના ફા.પ્લોટ નં. ૭૨/૨ પૈકીમાં રાજારામ નગરના સબ પ્લોટ નં.૧૮ માં હયાત ભોંયતળિયાની ઉપર પ્રથમ માળનું ચણતરનું આશરે ૬૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ તોડીને દુર કરવામાં આવેલ છે.

(૩) નાના વરાછા, ચીકુવાડી, સી.એન.જી.ની પાછળ કલ્યાણ કુટીરથી મોતીનગર સર્કલ (તપોવન વિદ્યાલય) પાસેના રસ્તા પર લારી–ગલ્લા, પાથરાણાં, મંડપ, બેનર તથા બાંધકામ મટીરીયલ્સનો સામાન જપ્ત કરવામાં આવેલ.

ઉકત કામગીરીમાં વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫૦૦૦/– વસુલ લીધેલ છે.

ઉકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા) ઝોન કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

TOP

## ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૭૩(ઉત્રાણ) | | |
| ૨ | વિસ્તાર | ઉત્રાણ હેલ્થ સેન્ટરની બાજુમાં, કિર્તીનગર સોસાયટી, ઉત્રાણ,સુરત. | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૨૯ (કિર્તીનગર સોસાયટી) | | |
| | સબ પ્લોટ નંબર | — | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | — | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | કોર્મશીયલ(સોસાયટીની બાજુની ખુલ્લી જગ્યા) | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | ૧૩.૫ મી. × ૪૩.૦ મી. માપ વિસ્તારમાં ગ્રાઉન્ડ બીમ સહિતનું શટરીંગ સહિતનું મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામ. |
| | | પ્રથમ માળ | | |
| | | બીજો માળ | | |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | |
| ૬ | માલિકનું નામ | શ્રી કાનાભાઈ આહિર તથા અન્યો | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | મનાઈ હુકમ નં.એન.ઝેડ/આ./નં.૧૨૬૩, તા.૨૧/૦૫/૨૦૧૪<br>કારણદર્શક નોટીસ એન.ઝેડ/આ./નં.૨૭૦૬, તા.૦૪/૦૬/૨૦૧૪ | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | — | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | આસી.ઈજનેર–૧<br>જુની.ઈજનેર–૧<br>ડે.ઈજનેર–૧ | | |
| | બેલદારની સંખ્યા | ૦૮ (દબાણ વિભાગનો સ્ટાફ) | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | — | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | — | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | રૂા.૫,૦૦૦/– | | |
| ૧૩ | અન્ય વિગત | — | | |

TOP

## ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૩(કતારગામ) | | |
| ૨ | વિસ્તાર | પીપલ્સ ચાર રસ્તા, ગાયત્રીનગર સોસાયટી વિભાગ–૪, વાટલીયા પ્રજાપતિ સમાજની વાડી | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૪૫૧ (ગાયત્રીનગર સોસાયટી વિભાગ–૪) | | |
| | સબ પ્લોટ નંબર | ૭૧/૭૨ | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | – | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | રહેઠાણ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | આશરે ૨૮'× ૪૫' માપ વિસ્તારમાં આર.સી.સી. કોલમ, બીમ તેમજ સ્લેબ સહિતનું ગેરકાયદેસર બાંધકામ. |
| | | પ્રથમ માળ | | |
| | | બીજો માળ | | |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | |
| ૬ | માલિકનું નામ | શ્રી અજીતભાઈ ચાવડા | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | – | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | – | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર–૫<br>ડે.ઈજનેર–૨ | | |
| | બેલદારની સંખ્યા | ૨૦ ખાનગી માણસો | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | – | | |
| ૧૩ | અન્ય વિગત | – | | |

TOP

## ઈ.ડબલ્યુ. એસ. કવાર્ટસના માસિક હપ્તાની રકમ ન ભરનારના આવાસ સીલ કરવાની કામગીરી દરમ્યાન પૂર્વ(વરાછા)ઝોનએ એક જ દિવસમાં કુલ રૂા.૩,૦૦,૦૦૦/– ની વસુલાત કરી :–

પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૫ (ફુલપાડા)માં, ફા.પ્લોટ નં. ૧૧૮ માં આવેલ આનંદનગર સોસાયટી પાસે, ધરમનગર રોડ ઉપર આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસનાં લાભાર્થીઓ દ્વારા નિયમીત રીતે માસીક હપ્તા ન ભરવામાં આવતા, આજ રોજ પૂર્વ(વરાછા)ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીની આગેવાનીમાં સ્ટાફ દ્વારા સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ હતી. જે અન્વયે કુલ–૩૩૬ આવાસો પૈકીમાંથી ૧૬૨– આવાસોને સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ હતી. સદર કામગીરી દરમ્યાન લાભાર્થીઓ પાસેથી સ્થળ ઉપર કુલ રૂા.૩,૦૦,૦૦૦/– વસુલાતમાં આવેલ છે. લાભાર્થી ઈસમોએ માસિક માત્ર રૂા.૪૨૭/– હપ્તા પેટે ભરવાનાં થયાં હોવા છતાં ઘણાં ઈસમો નિયમિત રીતે હપ્તા ભરતા નથી. પૂર્વ(વરાછા)ઝોનમાં ઈ.ડબલ્યુ.એસ. આવાસનાં હપ્તા પેટે બાકી નીકળતી લેણી રકમ વસૂલાત માટે વખતોવખત સીલ મારવાની ઝુંબેશ કરવામાં આવે છે. ભવિષ્યમાં પણ આ પ્રકારની ઝુંબેશો ચાલુ રાખવામાં આવશે.

TOP

## તા. ૧૮–૬–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોટ

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૪૪ |
| ૧ | ડે. ઈજનેર | ૪ |
| ૨ | મુખ્ય આરોગ્ય નિરીક્ષક | ૧૯ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૧૩ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૧ |
| ૫ | ટેકનીકલ આસી. | ૧૨ |
| ૬ | વાયરમેન | ૪ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૯૧ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૦ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૧૪ |
| ૧૦ | કડીયા / મુકાદમ | ૫ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | |
| ૧૧ અ | આરોગ્ય વિભાગ | ૯૩૫ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૯૮ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૧૫૦.૯૬ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૦ |
| ૧૩ બ | લારી | ૬ |
| ૧૩ ક | ગલ્લા | ૪ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૧૧૦ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી  ચેક કરેલ સંસ્થા : | ૧૫ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૧૩૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૦ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૦ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૧૫ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૦ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૪૦ |
| | વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | |
| ૨૦ | કુલ ઘર સર્વે | ૩૦૭૫ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૭૪૪૭ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૨૧ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૨૧ |
| ૨૪ અ | એનો. | ૫ |
| ૨૪ બ | એડીસ | ૧૪ |
| ૨૪ ક | કયુલેકસ | ૦ |
| ૨૪ ડ | મિશ્ર | ૨ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૧૮૯ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૧ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૦ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૫૩ |

| | | |
|---|---|---|
| ૨૯ | **વહીવટી ખર્ચ વસુલાત** | ૬૦૫૫૦ |
| ૩૦ | **ઈસમોની સંખ્યા** | ૨૫૯ |
| ૩૧ | **પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા.** | ૫૬.૭૫ |
| ૩૨ | **અખાધ પ્રદાથોનો નાશ કી.ગ્રા.** | ૬૮.૫ |
| ૩૩ | **આંગણવાડીઓ ચેક કરી** | ૦ |
| ૩૪ | **શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા** | ૧ |
| ૩૫ | **કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત** | ૧ |

TOP

| સફાઈ ઝુંબેશનો વિસ્તાર :– | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | અઠવાગેટથી મજુરા ગેટ સુધીનો, મજુરાગેટથી ઉધના દરવાજા સુધીનો, દિલ્હીગેટથી સ્વર્ણિમ સંકુલ થી સહારા દરવાજા સુધીનો રીગરોડ, બી.આર. જવેલર્સથી ટાઈમનાકા થઈ દિલ્હીગેટ સુધી |
| વરાછા ઝોન | : | વસંતભીખાની વાડી લાભેશ્વર (જમણી–ડાબીબાજુ), લાભેશ્વરથી સંતોષીનગર (જમણી–ડાબીબાજુ), સંતોષીનગરથી રચના થી વડવાળા (જમણી–ડાબીબાજુ), વડવાળાથી સીપીનીગ મીલ (જમણી–ડાબીબાજુ) |
| રાંદેર ઝોન | : | અઠવાગેટથી સરદાર બ્રીજ સુધી બન્ને સાઈડ, સરદાર સર્કલથી રૂષભ પ્રેટ્રોલ પંપ (બન્ને બાજુ),રૂષભ પ્રેટ્રોલ પંપ થી પાલનપુર પાટીયા(બન્ને બાજુ),પાલનપુર પાટીયાથી મોરાભાગળ મેઈનરોડ (બન્ને બાજુ),મોરાભાગળ મેઈનરોડ થી વારીગૃહ થઈ શ્રીજી નગરી(બન્ને બાજુ), શ્રીજી નગરી થી શાળા નં. ૧૬૬ (બન્ને બાજુ), |
| કતારગામ ઝોન | : | પાર્થ કોમ્પલેક્ષથી હરીધ્વાર સુધીનો ટીપીરોડ, મગનનગર–ર ટીપીરોડ |
| ઉધના ઝોન | : | ઈન્દીરાનગર, ગણેશનગર, વડોદ, શાસ્ત્રીનગર, ગાંધીનગર, રોકડીયા હનુમાન, ઉધના દરવાજા |
| અઠવા ઝોન | : | અઠવાગેટથી એરપોર્ટ સુધી |
| લીંબાયત ઝોન | : | ઈડબલ્યુએસ ટેનામેન્ટ બ્લો નં. એ–૧,૨,થી જી–૧,૨, આઈ–૧ થી ૪, કે ૧, જે–૧ થી ૪, ફે–૧,૨, એલ–૧,૨, એમ–૧,૨, એન–૧,૨, ઓ–૧,૨, ડી ટેનામેન્ટ બ્લોક ૧ થી ૮, રાઠી પેલેસથી એચ.ટી. ટાવર આગળ પાછળ હેલ્થ સેન્ટર ફરતેનો વિસ્તાર, બેઠી કોલોની ગલી નં. ૧ થી ૫, ઈસ્લામપુરા, હળપતિકોલોની, પ્રકાશ એન્જીનીયરીગની ગલી, બંગડીવાલા ગલી, સર્વોદય મોર્કટથી ઝુડીયાકુવા ચાર રસ્તા થઈ પેચડેપો કન્ટેનર થઈ કબીરબાગ આગળ પાછળ, હેલ્થ સેન્ટર ઉભા રોડથી નવભુવન હોટલ તેમજ સિહ રેસ્ટોરન્ટ |

TOP